# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-04-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- ભાજપનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરતાં પક્ષના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ સંકલ્પપત્ર વિકસિત રાષ્ટ્રના ચાર મજબુત સ્તંભ ગણાતા યુવાનો, મહિલાઓ, ખેડુતો અને ગરીબોને સશકત બનાવશે.
- ગુજરાત કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે કહ્યું છે કે, ભાજપનો ચૂંટણી ઢંઢેરો લોકોને ગુમરાહ કરવાનો છે.
- બંધારણના ઘડવૈયા અને ભારતરત્ન ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની 133મી જન્મજયંતિની રાજ્યમાં ઉજવણી કરાઇ રહી છે.
- યાત્રાધામ ચોટીલા ખાતે ચૈત્રી નવરાત્રી નિમિત્તે આજે ડુંગર પરિક્રમા યોજાઇ, તો પાવાગઢમાં લાખો શ્રધ્ધાળુઓએ દર્શન કર્યા.
- આફ્રિકાના ટયુનીશિયામાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મેળામાં રાજકોટના બે બાળવૈજ્ઞાનિકોએ સુવર્ણ ચંદ્રક જીત્યો..
- રાજ્યના કેટલાંક છૂટાછવાયા વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ થયો..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# NEW BJP

ભારતીય જનતા પક્ષે લોકસભાની ચુંટણી માટે આજે પોતાનું ઘોષણાપત્ર બહાર પાડયું છે. તેને સંકલ્પપત્ર નામ આપવામાં આવ્યું છે. નવી દિલ્હી સ્થિત ભાજપના મુખ્ય કાર્યાલયમાં આ સંકલ્પપત્ર જારી કરવામાં આવ્યું. તેમાં એક રાષ્ટ્ર એક ચુંટણી, સમાન નાગરીક સંહિતા અને સિંગલ મતદાર યાદીનો વાયદો કરવામાં આવ્યો છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પક્ષના અધ્યક્ષ જગતપ્રકાશ નડ્ડા, રાજનાથસિંહ, અમિત શાહ અને નિર્મલા સિતારમનની હાજરીમાં આ સંકલ્પ પત્ર બહાર પાડવામાં આવ્યું. આ સંકલ્પપત્રમાં ભાજપે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ મફતમાં રેશનની સગવડ આવતા પાંચ વર્ષ સુધી ચાલુ રાખવાનું વચન આપ્યું છે. તે ઉપરાંત આયુષ્યમાન ભારત યોજનામાં દેશના બધા વરિષ્ઠ નાગરિકોને સામેલ કરવાનો વાયદો કર્યો છે.

સંકલ્પપત્રમાં ત્રણ કરોડ લખપતિ દીદી બનાવવા પર ભાર મુકવામાં આવ્યો છે. પી.એમ. સુર્ય ઘર યોજના હેઠળ વીજળીનું બિલ શૂન્ય કરવાનો પણ વાયદો કરવામાં આવ્યો છે. ભાજપે દેશને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવાની સાથે સાથે વૈશ્વિક વિનિર્માણ કેન્દ્ર બનાવવાનો પણ વાયદો કર્યો છે.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ કહ્યું કે, સંકલ્પપત્ર વિકસિત રાષ્ટ્રના ચાર મજબુત સ્તંભ ગણાતા યુવાનો, મહિલાઓ, ખેડુતો અને ગરીબોને સશકત બનાવશે.

(બાઇટ- પ્રધાનમંત્રી)

શ્રી મોદીએ કહ્યું કે, આ સંકલ્પપત્ર જીવનની ગરિમા અને જીવનની ગુણવત્તા પર કેન્દ્રિત છે. તેમણે ઉમેર્યુ કે ભાજપે ૭૦ વર્ષથી વધારે વયના

વરિષ્ઠ નાગરીકોને તેમજ ટ્રાન્સજેન્ડર સમુદાયને આયુષ્યમાન ભારત યોજના હેઠળ આવરી લેવાનું નકકી કર્યુ છે. વધુમાં તેમણે કહ્યું કે, ભાજપ નવા સેટેલાઇટ શહેરો બનાવશે. તેમણે કહ્યું કે, ભાજપ દેશહિતમાં મોટા અને કડક નિર્ણયો લેતા પાછી પાની કરતો નથી.

# CONG- SHAKTISINH GOHIL

ગુજરાત કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે કહ્યું છે કે, ભાજપનો ચૂંટણી ઢંઢેરો લોકોને ગુમરાહ કરવાનો છે. આજે ભારતીય જનતા પક્ષે જાહેર કરેલા ચૂંટણી ઢંઢેરા બાદ પત્રકાર પરિષદમાં શ્રી ગોહિલે કહ્યું હતું કે, દસ વર્ષના શાસનમાં રોજગારી લાવી શક્યા નથી ઉપરાંત મહિલાઓની સુરક્ષા પણ કરી શક્યા નથી.. ભાજપ કાળુ ધન પણ પાછું લાવી શક્યુ નથી..

**(બાઇટ- શક્તિસિંહ ગોહિલ)**

# MADHVPUR- GHED NO MELO

પોરબંદર જિલ્લાના માધવપુર- ઘેડ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં માધવપુર લોકમેળાનો શુભારંભ થશે. આગામી 17થી 21 એપ્રિલ દરમિયાન આ લોકમેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પાંચ દિવસ સુધી ચાલનાર આ મેળામાં ભગવાન શ્રીકૃષ્ણ અને રુકમણીના વિવાહ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરાશે. લોકમેળાના સાંસ્કૃતિક કાર્યક્રમના પ્રારંભે મુખ્ય સચિવ રાજકુમાર અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમાર પણ હાજર રહેશે.

# AMBEDKAR JANMJAYANTI

બંધારણના ઘડવૈયા અને ભારતરત્ન ડોક્ટર બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૩૩મી જન્મજયંતિ રાજ્ય સહિત સમગ્ર દેશમાં ઉજવવામાં આવી રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત વિધાનસભા પોડિયમમાં તેમના તૈલચિત્ર સમક્ષ પુષ્પાજંલિ અર્પણ કરી હતી. ત્યારબાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં ડો. આંબેડકરની પ્રતિમાને પુષ્પ અર્પણ કર્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર મેયર, ધારાસભ્ય સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં સ્મૃતિ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું..

તાપી જિલ્લાના વ્યારા ખાતે આંબેડકરજીની પ્રતિમા પાસે પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયો, જેમાં આગેવાનો દ્વારા બંધારણ અંગે માર્ગદર્શન અપાયું હતું..

જામનગર મહાનગરપાલિકા નજીક આવેલી ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ધારાસભ્યો સહિત ઉપસ્થિત નાગરિકોએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

છોટાઉદેપુરના માણેકચોક ખાતે વિવિધ રાજકીય અગ્રણીઓએ બાબાસાહેબને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.. પાવી- જેતપુરમાં આતિશબાજી કરાઇ હતી અને નસવાડીમાં એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભરૂચમાં વિવિધ રાજકીય પક્ષો, સ્વૈચ્છિક સંસ્થાઓએ ડો.બાબાસાહેબને પુષ્પાજંલિ અર્પણ કરી..

દીવ ખાતે વાલ્મિકી સમાજ દ્વારા શોભાયાત્રા તથા અભિવાદન સભાનું આયોજન કરાયું..

વડોદરામાં ભાજપ અને અનુસૂચિત જાતિ મોરચા દ્વારા બાબાસાહેબ આંબેડકરની જયંતિ નિમિત્તે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતુ..

પોરબંદર, ગીર સોમનાથ, પાટણ અને મોરબીમાં અનેકવિધ કાર્યક્રમો સાથે હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરાઇ..

# CHAITRI NAVRATRI

ચૈત્ર નવરાત્રિના આજે છઠ્ઠા દિવસ અને રવિવારની રજા હોવાના કારણે રાજ્યભરના માઇમંદિરોમાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું છે. શક્તિપીઠ અંબાજી, બહુચરાજી, પાવાગઢ, ચોટીલા, માતાના મઢ સહિતના મંદિરોમાં માતાજીને

વિશેષ શણગાર કરવામાં આવ્યો છે. નવરાત્રિના છઠ્ઠા દિવસે મા કાત્યાયનીની ખાસ પૂજા કરાઇ રહી છે.

યાત્રાધામ ચોટીલા ખાતે આજે ડુંગર પરિક્રમા યોજાઈ હતી, જેમાં 40 હજારથી વધુ ભાવિકો જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ચાર વર્ષથી ડુંગર પરિક્રમાનું આયોજન કરવામાં આવે છે.. દર વર્ષે ચૈત્રી નવરાત્રીના પ્રથમ રવિવારે આ પરિક્રમાનું આયોજન કરવામાં આવે છે.. વહેલી સવારે ધર્મસભા બાદ પરિક્રમાની શરૂઆત થઈ હતી.. જેમાં 100 થી વધુ સ્વયંસેવકો ઉપરાંત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.

યાત્રાધામ પાવાગઢ ખાતે બપોર સુધીમાં લગભગ 1 લાખ યાત્રાળુઓએ દર્શનનો લાભ લીધો હતો...

# NARMADA- PARIKRAMA

નર્મદા જિલ્લામાં ચૈત્ર મહિનામાં યોજાતી નર્મદાની ઉત્તરવાહિની પંચકોશી પરિક્રમા કરવા વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં લોકો આવી રહ્યા છે.

પરિક્રમાર્થીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 24 કલાક કન્ટ્રોલરૂમના માધ્યમથી પરિક્રમાની શાંતિ-સલામતી અને સુવિધા પર નજર રાખવામાં આવી રહી છે. પરિક્રમાર્થીઓની સંખ્યામાં વધારો થતા રામપુરા ઘાટ ખાતે 35 અને શહેરાવ ઘાટ પર 30 નાવડીનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. જિલ્લા પોલીસ તંત્ર દ્વારા રાત્રિ દરમિયાન પરિક્રમા રૂટ પર સતત પેટ્રોલિંગ કરવા આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધીમાં અંદાજે 27 હજાર કરતા વધુ શ્રદ્ધાળુઓએ નર્મદાની પરિક્રમા કરી છે.

# RAJKOT- BAL VAIGYANIK

આફ્રિકાના ટયુનીશિયા દેશમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મેળામાં રાજકોટના બે બાળવૈજ્ઞાનિકો ધ્વનિ સોજીત્રા અને સાક્ષી ખૂંટે સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

આ બાળ વૈજ્ઞાનિકોએ મોરબી પુલ તુટી પડવાના કારણો જાણી તેની સલામતિ માટેના સાધનો ગોઠવ્યા, જેથી આવો ઝૂલતો પુલ તુટી ના પડે. આ બાળ વૈજ્ઞાનિકોએ ઝૂલતા પુલનું પ્રોટોટાઈપ મોડલ તૈયાર કરી પ્રાયોગિક રીતે તેની સાથે વેઈટ બેલેન્સ તેમજ ડીજીટલ કાઉન્ટર સર્કિટ ગોઠવી હતી..

ટ્યુનિશિયા દેશના NORTH PALACE માં યોજાયેલ આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મેળામાં 33થી વધુ દેશોના 422થી વધુ પ્રોજેકટસ સાથે 1 હજારથી વધુ બાળવૈજ્ઞાનિકોએ ભાગ લીધો હતો.

# WEATHER

હવામાન વિભાગે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે સર્જાયેલા સાયક્લોનિક સરક્યુલેન્સની અસરથી આગામી 48 કલાક રાજ્યના વિવિધ જીલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે. આજે અને આવતીકાલે સૌરાષ્ટ્ર- કચ્છ, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના વિવિધ વિસ્તારોમાં કમોસમી વરસાદની સંભાવના છે. આ સિવાય મધ્ય ગુજરાતના કેટલાક જીલ્લાઓ સહિત ઉત્તર ગુજરાતના કેટલાક જીલ્લાઓમાં વાદળછાયુ વાતાવરણ રહેશે.

દરમિયાન, 40 ડિગ્રી મહત્તમ તાપમાન સાથે વલ્લભવિદ્યાનગર આજે રાજ્યનું વધુ ગરમ સ્થળ નોંધાયું છે તો દિવમાં સૌથી ઓછુ 30 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

અમદાવાદ શહેરના કેટલાક વિસ્તારોમાં પણ છૂટોછવાયો વરસાદ થયો હતો.

દ્વારકા જિલ્લામાં ખંભાળિયા, ભાણવડ, ગુંદા, રોજીવાદા સહિતના ગ્રામીણ વિસ્તારોમાં ગાજવીજ અને પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો છે.

કચ્છમાં સતત બીજા દિવસે પણ કમોસમી વરસાદ વરસ્યો છે. અંજારમાં સવા બે ઇંચ વરસાદ સાથે જીલ્લાના ભૂજ, રાપર, ગાંધીધામ, ખેડોઈ, વાંઢાય સહિતના ઘણા વિસ્તારોમાં માવઠુ થયું છે.

પાટણમાં પણ છૂટાછવાયો વરસાદ નોંધાયો છે.

અંબાજીમાં પણ ધીમે ધારે વરસાદ વરસી રહ્યો છે. કમોસમી વરસાદને કારણે અંબાજી પંથકમાં ઠંડક પ્રસરી છે.

મહેસાણામાં વાતાવરણમાં પલટો આવતા પવન સાથે ધીમીધારે વરસાદ શરૂ થયો છે.

સાબરકાંઠા જીલ્લામાં ઇડર, વડાલી, ખેડબ્રહ્મા સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ થયો હોવાના અહેવાલ છે.